| કુલ ગુણ | 100 |
|---|---|

# SRCL ખાતાકીય પરીક્ષા- 2024

## PAPER - 1

**પરીક્ષાની તારીખ : ૨૧/૧૨/૨૦૨૪**

**પરીક્ષાનો સમય : સવારે ૧૧:૦૦ થી ૧૩:૦૦**

કેટેગરી **A**

SEAL SEAL SEAL SEAL SEAL SEAL
**SRCL PAPER-1**
SEAL SEAL SEAL SEAL SEAL SEAL

પરીક્ષાર્થીનો બેઠક ક્રમાંક

પરીક્ષાનો બ્લોક નંબર

પરીક્ષાર્થીની સહી

બ્લોક સુપરવાઇઝરની સહી

| | **પરીક્ષાર્થીઓ માટે અગત્યની સૂચનાઓ** |
|---|---|
| (1) | તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્ન પુસ્તિકા ખોલવી નહીં |
| (2) | મોબાઈલ ફોન, કેલક્યુલેટર, સ્માર્ટ વોચ, પેજર, સ્પાય કેમેરા, હેડ ફોન કે અન્ય વીજાણું ઉપકરણો હોવાનુ જણાશે તો પરીક્ષાર્થીને ગેરલાયક ગણવામાં આવશે. |
| (3) | ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર વાતચીત કરવી, અવાજ કરવો કે સુપરવાઇઝરની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે. |
| (4) | પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન પરીક્ષાર્થીએ પરીક્ષા ખંડ છોડવાની મનાઈ છે. |
| (5) | પ્રશ્નપત્ર મળે કે તરત જ ઉત્તરપત્ર **(OMR SHEET)** માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવો. |
| (6) | ઉત્તરપત્ર **(OMR SHEET)** માં નિશ્ચિત જગ્યા સિવાય પરીક્ષાર્થીએ પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખ્ત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે. |
| (7) | ઉત્તરપત્ર **(OMR SHEET)** ના પ્રમાણપત્રમાં પરીક્ષાર્થી તથા સુપરવાઇઝર બંનેની સહી ફરજીયાત છે. બંનેની સહી વિનાના ઉત્તરપત્ર **(OMR SHEET)** નું મુલ્યાંકન થશે નહીં. જેથી ઉમેદવારે સુપરવાઇઝરશ્રીની સહી અવશ્ય મેળવી લેવી. |
| (8) | પરીક્ષાર્થીએ બ્લ્યુ/બ્લેક બોલપોઇન્ટ પેનનો ઉપયોગ કરી શકાશે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં. |
| (9) | પ્રશ્નપત્રની પુસ્તિકામાં કે પ્રશ્નના જવાબ આગળ કોઇપણ પ્રકારની નિશાની કરવી નહી. |
| (10) | આ કસોટી પત્રમાં કુલ -100 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે.<br>ઉદાહરણ તરીકે : ગુજરાતનું પાટનગર કયું છે ?<br>(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) વડનગર (D) પાટણ<br>અહીં જવાબ (B) ગાંધીનગર જવાબ સાચો હોય, **OMR SHEET** માં વિકલ્પ (B) નું વર્તુળ ઘુંટવાનું (Encode) કરવાનું થાય.<br>Ⓐ ● Ⓒ Ⓓ |
| (11) | પ્રત્યેક સાચા જવાબદીઠ 1 (એક) ગુણ મળવાપત્ર થશે. માઇનસ માર્કીંગ સિસ્ટમ નથી. **(NO NEGATIVE MARKING SYSTEM)** |
| (12) | છેકછાકવાળા જવાબ તથા એકથી વધારે વિકલ્પમાં આપેલ જવાબ તથા બ્લેડ કે રબ્બર કે વાઇટનર (સફેદ શાહી) નો ઉપયોગ કરી બદલાવેલ જવાબ માટેના ગુણ મળવાપાત્ર નથી. |
| (13) | પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર **(OMR SHEET)** બ્લોક સુપરવાઇઝરને પરત કર્યા બાદ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્ત ભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે. |
| (14) | આ પરીક્ષા માટેનો સમય ૧૨૦ મિનિટનો છે. |

# રફ કામ માટેનું પેઈજ

(1) ગુજરાત માધ્યમિક અને ઉ. માધ્યમિક શિક્ષણ વિનિયમો - 1974 મુજબ બૉર્ડમાં ત્રીજા વર્ગના કર્મચારીઓ નીમવાની સત્તા કોના હસ્તક છે ?

(A) અધ્યક્ષ (B) સચિવ

(C) રાજ્ય સરકાર (D) કારોબારી સમિતિ

(2) વિનિયમો - 1974 મુજબ કઈ સત્તા અધ્યક્ષની નથી ?

1. બૉર્ડની તાકીદની સભા બોલાવવી શકશે.

2. પરીક્ષાના કેન્દ્રો પર મુખ્ય સંચાલકની નિમણૂંક કરશે.

3. બૉર્ડના સભ્યોના મુસાફરી ભથ્થાંના બિલોની ચૂકવણી મંજુર કરશે.

4. બૉર્ડ દ્વારા લેવાતી પરીક્ષામાં ઉમેદવારોને પ્રવેશ આપવાના કેસોનો નિર્ણય કરશે.

(A) 1 (B) 2

(C) 3 (D) 4

(3) વર્ગખંડમાં જેટલા વિદ્યાર્થીઓ માટે જગ્યાની સગવડ હોય તેટલા વિદ્યાર્થીઓ પૂરતું પ્રવેશ આપવાનું મર્યાદિત રહેશે, પરંતુ વધુમાં વધુ વિદ્યાર્થી સંખ્યા .................. રહેશે.

(A) 45 (B) 50

(C) 55 (D) 60

(4) શાળાને કામચલાઉ મંજુરી આપ્યા બાદ સામાન્યતઃ કેટલા માસમાં નવી શાળાની અરજીની વિગતો અને તે સાથે જોડેલ આધારોનું વેરીફીકેશન કરાવી લેવાનું હોય છે ?

(A) 3 (B) 4 (C) 5 (D) 6

(5) નીચેના પૈકી કયા વિધાન / વિધાનો યોગ્ય છે ?

1. સ્થલ ફેરફારની મંજુરી શાળાના સમગ્ર જીવનમાં ત્રણ વાર જ મળે.

2. બે કિ.મી. થી ઓછું અંતર હોય તો સ્થળ ફેરફારની મંજુરી જિલ્લા શિક્ષણાધિકારી આપશે.

3. શાળા ભાડાના મકાનમાંથી પોતાની માલિકીના મકાનમાં સ્થળ ફેરફારની દરખાસ્ત કરે તો જિલ્લા શિક્ષણાધિકારી મંજુર કરશે.

(A) 1 અને 2 (B) માત્ર - 2

(C) 2 અને 3 (D) માત્ર - 3

(6) શાળા રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર કયા નમૂના મુજબ આપવામાં આવે છે ?

(A) નમૂના - 1 (B) નમૂના - 2

(C) નમૂના - 3 (D) નમૂના - 4

(7) 'શાળા નામ ફેરફાર' અંગેની જોગવાઈ કયા વિનિયમમાં છે ?

(A) (10) (3) (અ) (B) (10) (3) (બ)

(C) (10) (1) (ક) (D) (10) (2) (અ)

(8) વિદ્યાર્થીની જન્મ તારીખમાં સુધારો કરવા કયો પુરાવો માન્ય નથી ?

1. જન્મ રજિસ્ટરમાંથી પ્રમાણિત ઉતારો

2. રસી મુકાવ્યાના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ

3. આધારકાર્ડ

4. મા-બાપ / વાલીએ મેજિસ્ટ્રેટ અથવા નોટરી સમક્ષ કરેલું સોગંદનામું

(A) 1 (B) 2 (C) 3 (D) 4

(9) રજિસ્ટર થયેલ શાળામાં કામ કરતા કર્મચારી શિક્ષકની જગા સિવાયની અરજી કોના મારફત મોકલવી જોઈએ ?

(A) સંચાલક મંડળ
(B) જિલ્લા શિક્ષણાધિકારી
(C) શાળાના વડા
(D) જાતે જ મોકલી શકે

(10) નીચેના પૈકી કયા વિધાન / વિધાનો યોગ્ય છે ?

1. બૉર્ડની બેઠક વર્ષમાં ઓછામાં ઓછી ત્રણવાર મળવી જોઈએ.

2. ઓછામાં ઓછા બે તૃતીયાશં સભ્યોની લેખિત વિનંતીથી બૉર્ડની ખાસ બેઠક બોલાવી શકાય.

3. શિક્ષણ ક્ષેત્રે નિષ્ણાંત વ્યક્તિને ચર્ચા-વિચારણા માટે બૉર્ડની કોઈ પણ સમિતિની બેઠખમાં હાજરી આપવા નિમંત્રણ આપી શકાય.

(A) માત્ર - 1
(B) માત્ર - 1 અને 3
(C) બધા
(D) માત્ર 2 અને 3

(11) બૉર્ડ દ્વારા સંચાલિત પરીક્ષા સબંધી સાહિત્યની ગુપ્તતાના ભંગ બદલ શિક્ષાની જોગવાઈ 1972 મુજબ શું છે ?

(A) બે વર્ષની મુદત સુધીની કેદ અથવા રૂા. 2000 સુધીનો દંડ
(B) 3 વર્ષથી ઓછી નહીં અને 5 વર્ષથી સુધીની કેદ અથવા બે લાખ રૂપિયા દંડ
(C) 3 વર્ષની મુદત સુધીની કેદ અથવા 1 લાખ રૂપિયા દંડ
(D) 2 વર્ષની કેદ અથવા 2 લાખ રૂપિયા દંડ

(12) શૈક્ષણિક સંસ્થાના નિર્ણયથી નારાજ થયેલ કર્મચારી હુકમ અથવા નિર્ણયની તારીખથી કેટલા દિવસમાં ટ્રિબ્યૂનલને અપીલ કરી શકશે ?

(A) 30
(B) 45
(C) 60
(D) 90

(13) ટ્રીબ્યૂનલ એક્ટ - 2006 મુજબ કયું વિધાન / વિધાનો અયોગ્ય છે ?

1. ટ્રિબ્યૂનલ નિર્ણય બહુમતીથી કરે છે.

2. ટ્રિબ્યૂનલમાં કોઈ પણ સભ્ય 60 વર્ષની વય પછી હોદ્દા પર રહી શકે નહીં.

3. ટ્રિબ્યૂનલના નિર્ણય સામે દીવાની કોર્ટમાં દાવો માંડી શકાય નહીં.

(A) માત્ર - 1
(B) માત્ર - 2
(C) માત્ર - 3
(D) 1 અને 2

(14) રેકર્ડ અને રજિસ્ટરો જાળવણીની સમય મર્યાદા મુજબ યોગ્ય જોડ બનાવો.

| (A) | (B) |
|---|---|
| 1. શાળા છોડ્યાના પ્રમાણપત્રો | 1. પાંચ વર્ષ |
| 2. શિક્ષકોની લોનબુક | 2. દસ વર્ષ |
| 3. સ્કોલરશીપનો રેકોર્ડ | 3. કાયમી |
| 4. આવક-જાવક રજિસ્ટર | 4. બે વર્ષ |

(A) 1–3, 2–4, 3–2, 4–1
(B) 1–2, 2–4, 3–1, 4–3
(C) 1–3, 2–1, 3–2, 4–4
(D) 1–3, 2–2, 3–4, 4–1

(15) ટ્રિબ્યૂલન એટલે કઈ કલમ હેઠળ રચવામાં આવેલી ટ્રિબ્યૂલન ?

(A) કલમ - 36 (B) કલમ - 37

(C) કલમ - 38 (D) કલમ - 39

(16) જુના શિક્ષક તરીકે અરજી કરવા માટે લાયકાત અને પાત્રતા અનુસાર કયું વિધાન / વિધાનો સાચા છે ?

1. પાંચ વર્ષનો સળંગ અનુભવ જોઈએ.

2. વયનિવૃત્તિ માટે 3 વર્ષ કરતા ઓછો સમય બાકી હોય.

3. આ પ્રકારની ભરતી / બદલીનો લાભ સમગ્ર સેવાકાળ દરમિયાન માત્ર એક વખત મળશે.

(A) 1 અને 3 (B) બધા

(C) 2 અને 3 (D) 1 અને 2

(17) બિન સરકારી માધ્યમિક અને ઉ.મા. માં કામ કરતાં પટાવાળાઓને જુનિયર ક્લાર્કની જગ્યા પર બઢતી આપવા પટાવાળાએ કેટલા વર્ષની સળંગ નોકરી કરેલ હોવી જોઈએ ?

(A) 2 (B) 3

(C) 4 (D) 5

(18) સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા માટે શિક્ષક ભરતીના મેરીટ માટે TAT પરીક્ષાનું વેઈટેજ કેટલું છે ?

(A) 40 % (B) 50 %

(C) 60 % (D) 100 %

(19) ગુજરાત માધ્યમિક અને ઉ.મા. પ્રમાણપત્ર પરીક્ષાના વિનિયમો - 2005 ક્યારથી અમલમાં આવેલ છે ?

(A) 01-01-2006 (B) 19-01-2006

(C) 19-02-2006 (D) 01-04-2006

(20) પરીક્ષા વિનિયમ - 2005 મુજબ કન્યાશાળા એટલે જેમાં ઓછામાં ઓછા ........ ટકા વિદ્યાર્થીઓ કન્યા હોય.

(A) 50 (B) 55 (C) 60 (D) 70

(21) બૉર્ડની પરીક્ષાના કેન્દ્ર મેળવવા માટે તે કેન્દ્ર પર ઓછામાં ઓછા કેટલા પરીક્ષાર્થીઓની સંખ્યા હોવી જોઈએ ?

(A) 200 (B) 250 (C) 300 (D) 350

(22) નીચેના પૈકી કયું વિધાન / વિધાનો સાચું છે ?

1. ધોરણ 10 માં ત્રણ વિષયમાં D ગ્રેડ મેળવનાર જુન-જુલાઈમાં પુરક પરીક્ષા આપી શકશે.

2. પરીક્ષા કેન્દ્રો પર પ્રશ્નપત્રો પહોંચાડવાની જવાબદારી ઝોનલ કચેરીની છે.

3. રીપીટર ગમે તે કેન્દ્ર પરથી પરીક્ષા આપી શકે છે.

(A) માત્ર - 1 (B) માત્ર - 1 અને 2

(C) માત્ર - 2 (D) માત્ર - 3

(23) બૉર્ડની પરીક્ષામાં બેસવા માટે 80 % દિવસની હાજરી જોઈએ તેમ છતાં 15 % સુધીની હાજરીની તૂટ માફ કરવાની સત્તા કોની છે ?

(A) આચાર્ય (B) પરીક્ષા સચિવ (C) અધ્યક્ષ (D) ઉપાધ્યક્ષ

(24) પૂર્વા ધોરણ 10 ની પરીક્ષા આપે છે. સિવિલ સર્જનના પ્રમાણપત્રના આધારે તે આશિષને લહિયા તરીકે રાખે છે. આશિષ કયા ધોરણમાં અભ્યાસ કરતો હોવો જોઈએ ?

(A) ધોરણ 9 (B) ધોરણ 10

(C) ધોરણ 11 (D) ધોરણ 12

(25) બૉર્ડની જાહેર પરીક્ષાના આવેદનપત્રો ભરવાની મુદતથી 30 દિવસ લેઇટ થાય છે. તો કેટલા રૂા. લેઇટ ફી સાથે આવેદનપત્ર ભરી શકાય ?

(A) 100 (B) 200 (C) 500 (D) 750

(26) જો કોઈ ઉમેદવારનું પ્રમાણિત હસ્તાક્ષરવાળું પ્રવેશપત્ર કોઈ કારણોસર ખોવાઈ ગયેલ હોય તો .............

(A) જે તે શાળાના વડાએ ઉમેદવારનું ઝેરોક્ષ પ્રવેશપત્ર પ્રમાણિત કરી આપવું.

(B) ઝોનલ મારફત બૉર્ડને જાણ કરવી.

(C) ઓનલાઇન મેળવી આપવાની વ્યવસ્થા કરવી.

(D) ઝોનલ અધિકારી ઝેરોક્ષ પ્રવેશપત્ર પ્રમાણિત કરી આપશે.

(27) કોઈ પણ વિષયમાં મેળવેલ ગુણની ખરાઈ કરાવવી હોય તો પરિણામની તારીખથી કેટલી સમય મર્યાદામાં શાળાના વડા મારફત અરજી કરવાની રહે ?

(A) એક અઠવાડિયા (B) દસ દિવસ

(C) બે અઠવાડિયા (D) વીસ દિવસ

(28) સ્થળાંતર પ્રમાણત્ર (Migration Certificate) કોણ આપશે ?

(A) અધ્યક્ષ (B) નાયબ નિયામક (બૉર્ડ)

(C) સંયુક્ત નિયામક (બૉર્ડ) (D) પરીક્ષા સચિવ

(29) 9 મીટર કે તેથી ઓછી ઊંચાઈ ધરાવતી શૈક્ષણિક સંસ્થાઓ માટે ફાયર સેફ્ટી માટે શું જોગવાઈ છે ?

(A) કંઈ જ જરૂર નથી (B) હોઝ રીલ

(C) ફાયર એક્સ્ટીંગ્યુશર (D) ફાયર પમ્પ

(30) ફાયર સેફ્ટી માટે 10000 લિટર પાણીની ટાંકીની જરૂરિયાત કેવા પ્રકારની શૈક્ષણિક સંસ્થામાં હોવી જોઈએ ?

(A) માત્ર ગ્રાઉન્ડ ફ્લોર ધરાવતી

(B) 9 મીટરથી વધુ ઊંચાઈ ધરાવતી

(C) ત્રણથી વધુ માળ ધરાવતી

(D) ગ્રાઉન્ડ ફ્લોર + પ્રથમ માળ અને ગ્રાઉન્ડ + પ્રથમ + બીજો માળ ધરાવતી પરંતુ 9 મી.થી ઓછી ઊંચાઈ

(31) શિક્ષણ વિનિયમો - 1974 મુજબ અર્ધા પગારની રજા વધુમાં વધુ મુદત એકી સાથે કેટલા દિવસ પૂરતી મર્યાદિત રહેશે ?

(A) 60 (B) 90 (C) 120 (D) 180

(32) રજિસ્ટર થયેલી શાળાના દરેક કર્મચારીએ નિમણૂંકથી ત્રણ મહિનાની અંદર શું રજુ / શરૂ કરવું જોઈશે ?

(A) તબીબી પ્રમાણપત્ર (B) સર્વિસ બુક

(C) A અને B બંને (D) CCC પ્રમાણપત્ર

(33) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષમ અધિનિયમ અન્વયે ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બૉર્ડની બેઠક દર વર્ષે ઓછામાં ઓછી કેટલી વાર મળશે ?

(A) એક (B) બે (C) ત્રણ (D) ચાર

(34) વિદ્યાર્થીની 80 % હાજરી પરીક્ષામાં બેસવા માટે અનિવાર્ય છે તેમ છતાં વાજબી કારણો હશે તો કેટલા ટકા હાજરીની તૂટ માફ કરવાનીસત્તા બૉર્ડના અધ્યક્ષશ્રીને રહેશે ?

(A) 10 % (B) 15 % (C) 20 % (D) 25 %

(35) ગુજરાત અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક (સુધારા) નિયમો 2021 ની ત્રીજી અનુસૂચિ મુજબના બિલ્ડીંગો માટે કયા નિયમ મુજબ ફાયર સેફ્ટી સર્ટીફિકેટ (ફાયર NOC) ઈસ્યુ કરવાની જોગવાઈ થયેલ છે ?

(A) નિયમ - 5 (B) નિયમ - 8

(C) નિયમ - 23 (D) નિયમ - 23 (1)

(36) ટ્રિબ્યુનલનો ચૂકાદો આખરી ગણાશે અને તેણે નિર્ણય કરેલી બાબતોના સબંધમાં કોઈ દીવાની કોર્ટમાં દાવો માંડી શકશે નહિ. આ જોગવાઈ ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ અધિનિયમ - 1972 ની કઈ કલમમાં કરવામાં આવી છે ?

(A) કલમ - 39 (2) (B) કલમ - 39 (5)

(C) કલમ - 39 (8) (D) કલમ - 39 (9)

(37) નીચેની કંઈ બાબતે ટ્રિબ્યૂનલમાં અપીલ કરી શકાશે નહિ ?

(A) નોકીરમાં કાયમી ન કરવું (B) ઈજાફાની રૂકાવટ

(C) તબીબી ખર્ચ મંજૂર નહીં કરવું (D) ઉચ્ચતર પગાર ધોરણ

(38) જો શાળા દ્વારા વિદ્યાર્થીઓના પ્રવેશ માટે રોકડ કે વસ્તુ રૂપે દાન સ્વીકારે તો કયા વિનિયમનો ભંગ થયેલ કહેવાય ?

(A) વિનિયમ - 12 (ક) (B) વિનિયમ - 12 (ખ)

(C) વિનિયમ - 14 (ક) (D) વિનિયમ - 27 (અ)

(39) રજીસ્ટર થયેલી શાળાના દરેક કર્મચારી માટે શાળાના સંચાલકોએ તેની નિમણૂકથી ત્રણ મહિનાની અંદર કયા નમૂનામાં સર્વિસ બુક શરૂ કરવી જોઈએ ?

(A) નમૂનો - 5 (B) નમૂનો - 6

(C) નમૂનો - 7 (D) નમૂનો - 9

(40) રજીસ્ટર્ડ થયેલી શાળાએ વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય અને તબીબી તપાસના રેકર્ડ કેટલા વર્ષ સુધી સાચવવાના હોય છે ?

(A) બે વર્ષ (B) ત્રણ વર્ષ

(C) પાંચ વર્ષ (D) કાયમી

(41) ટ્રિબ્યૂનલના હુકમ / નિર્ણય વિરૂદ્ધ નિર્દિષ્ટ મુલ્કી કર્મચારીની પુનવિચારણા અરજી બાબત કંઈ કલમમાં છે ?

(A) 10 (ગ) (B) 12 (C) 12 (એ) (D) 12 (બ)

(42) માત્ર ગ્રાઉન્ડ ફ્લોર ધરાવતી શૈક્ષણિક ઈમારતોમાં કેટલા ફાયર એક્સ્ટીગ્યુશરની જરૂરિયાત હોય છે ?

(A) એક (B) બે (C) ત્રણ (D) ચાર

(43) રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓની કચેરીના તા. 20-07-2024 ના પત્ર અન્વયે નાના શૈક્ષણિક હેતુ સરના બિલ્ડીંગ માટે શાળાના સંચાલકોએ બી.આઈ.એસ. કોર્ડ : 2190 મુજબ શું કરવાનું રહેશે ?

(A) ફાયર સેફ્ટી સર્ટીફિકેટ મેળવવાનું

(B) પોર્ટેબલ ફાયર એક્સ્ટીગ્યુશર રાખી સેલ્ફ સર્ટીફાઈ કરવાનું

(C) ફાયર સેફ્ટી સર્ટીફિકેટ રીન્યુ કરાવવાનું

(D) ઉપરનામાંથી એક પણ નહિ

(44) જો કોઈ સંસ્થામાં ગ્રાઉન્ડ ફ્લોર અને પ્રથમ માળ આવેલ હોય તો તે સંસ્થામાં કેટલા ફાયર એક્સ્ટીગ્યુશરની જરૂરિયાત રહશે ?

(A) બે (B) ચાર (C) છ (D) આઠ

(45) બીજી શાળામાંથી મળેલા શાળા છોડ્યાના પ્રમાણપત્રો કેટલા વર્ષ સુધી સાચવવાના હોય છે ?

(A) 5 વર્ષ (B) 10 વર્ષ

(C) 15 વર્ષ (D) કાયમી

(46) કોઈ શાળાના વર્ગ-4 ના કર્મચારીની જન્મ તારીખ 5-10-1973 છે તો તેમની નિવૃત્તિની કંઈ તારીખ ગણાશે ?

(A) 5-10-2031 (B) 31-10-2031

(C) 31-10-2033 (D) 5-10-2033

(47) બઢતી માટેની ખાતાકીય પરીક્ષામાં એક વિષયમાં નાપાસ હોય અને તે સિવાયના વિષયોમાં 50 % કરતાં વધુ ગુણ હોય તો કેટલા કૃપા ગુણ આપી પાસ કરી શકાય ?

(A) 5 ગુણ (B) 10 ગુણ

(C) 15 ગુણ (D) કોઈ જોગવાઈ નથી

(48) મુંબઈ કોર્ટ ફી અધિનિયમ : 1959 માં ગમે તે મજકૂર હોય પણ ટ્રિબ્યૂનલને કરેલી કોઈ પણ અપીલ અથવા અરજી ઉપર કોઈ પણ કોર્ટ ફી લેવામાં આવશે નહિ તે ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યૂનલ અધિનિયમની કંઈ કલમમાં દર્શાવેલ છે ?

(A) કલમ - 16 (B) કલમ - 17 (C) કલમ - 18 (D) કલમ - 19

(49) રજીસ્ટર થયેલી શાળાનો સંચાલક અનુદાનિત (ગ્રાન્ટ-ઈન-એઈડ) શાળા માટે કોની પૂર્વ પરવાનગી લીધા સિવાય આવી શાળામાં દસમું ધોરણ, અગિયારમું ધોરણ કે બારમું ધોરણ શરૂ કરી શકશે નહિ ?

(A) સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બૉર્ડ (B) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી

(C) અધ્યક્ષશ્રી ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બૉર્ડ (D) શિક્ષણ વિભાગ

(50) રજીસ્ટર્ડ થયેલી શાળાને સ્થલ ફેરફારનીમંજૂરીશાળાના સમગ્ર જીવનમાં કેટલી વાર આપવામાં આવે છે ?

(A) એક (B) બે (C) ત્રણ (D) ચાર

(51) ટ્રિબ્યૂનલ એક્ટની વ્યાખ્યા મુજબ "સ્પેશીફાઇડ સીવીલ સર્વન્ટ" ન હોઈ તેમની અપીલ ટ્રિબ્યૂનલ સાંભળી શકે નહિ તે બાબત નીચેનામાંથી કોને લાગુ પડશે નહિ ?

(A) નગર પંચાયત
(B) ગુજરાત જાહેર સેવા આયોગ
(C) ગ્રાન્ટ ઈન એઇડ સંસ્થા
(D) નોન ગ્રાન્ટ ઈન એઇડ સંસ્થા

(52) નીચેના અધિકારીઓ પૈકી કયા અધિકારી બૉર્ડના કારોબારી અધિકારી ગણાય છે ?

(A) બૉર્ડના સચિવ
(B) બૉર્ડના પરીક્ષા સચિવ
(C) બૉર્ડના મદદનીશ સચિવ
(D) બૉર્ડના અધ્યક્ષ

(53) ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યૂનલ અધિનિયમ - 1972 વાસ્તવિક રીતે ક્યારથી અમલમાં આવ્યો ?

(A) 1972 (B) 1973 (C) 1974 (D) 1977

(54) ટ્રિબ્યૂનલે કરેલી દરેક તપાસ અથવા અન્વેષણ ભારતના ફોજદારી અધિનિયમની કંઈ કલમ હેઠળ ન્યાયિક કાર્યવાહી ગણાય છે ?

(A) 193 અને 228
(B) 195 અને 230
(C) 193 અને 231
(D) 195 અને 228

(55) ગુ.મા. અને ઉ.મા. પ્રમાણપત્ર પરીક્ષાના વિનિયમો - 2005 ના અર્થઘટન બાબતે જો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે કોના દ્વારા કરવામાં આવેલું અર્થઘટન આખરી ગણાશે ?

(A) સચિવશ્રી
(B) નાયબ અધ્યક્ષશ્રી
(C) અધ્યક્ષશ્રી
(D) પરીક્ષા સચિવશ્રી

(56) રજીસ્ટર્ડ થયેલી કોઈ પણ શાળામાં કોઈ પણ શિક્ષક કોઈ પણ કારણે કોઈ વિદ્યાર્થીને શારીરિક શિક્ષા કરી શકશે નહીં તેવું કયા વિનિયમમાં દર્શાવેલ છે ?

(A) વિનિમય - 17 (4)
(B) વિનિમય - 18 (8)
(C) વિનિયમ - 18 (1)
(D) વિનિયમ - 18 (2)

(57) શાળા સંચાલક મંડળના વહીવટ ફેરફાર કરવાની અરજી સૂચિત ફેરફારની તારીખથી કેટલા મહિના પહેલા સબંધિત જિલ્લાશિક્ષણાધિકારીશ્રી મારફતે બૉર્ડ નિયત કરેલા નમૂનામાં જરૂરી આધારો સાથે કરવાની રહેશે ?

(A) એક મહિના
(B) બે મહિના
(C) ચાર મહિના
(D) છ મહિના

(58) ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને સામાન્ય પ્રવાહ પસંદ કરવાની છૂટ જે તે વર્ષની કંઈ તારીખ સુધી મળે ?

(A) 31 ઓગસ્ટ
(B) 30 સપ્ટેમ્બર
(C) સત્રના અંત સુધી
(D) 30 જુલાઈ

(59) રજીસ્ટર્ડ માધ્યમિક શાળાના કર્મચારીઓને બરતરફ, પદચ્યુત અને પાયરી ઉતારની જોગવાઈ ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમની કંઈ કલમ હેઠળ કરવામાં આવેલ છે ?

(A) કલમ - 36 (B) કલમ - 37 (C) કલમ - 39 (D) કલમ - 40

(60) જો કોઈ શાળામાં 650 વિદ્યાર્થીઓ હોય તો તે શાળામાં કેટલા જુનિયર કારકુન મળવાપાત્ર થાય ?

(A) જુનિયર કારકુન - 1
(B) જુનિયર કારકુન - 2
(C) જુનિયર કારકુન - 3
(D) જુનિયર કારકુન - 4

(61) રજીસ્ટર થયેલી શાળાઓના સત્ર, રજાઓ અને વેકેશનો માટેની વ્યવસ્થાનું નિયમન કરવાની સત્તા કોની રહેશે ?

(A) ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ
(B) કમિશ્નરશ્રી શાળાઓની કચેરી
(C) જિલ્લા શિક્ષણાધિકારી
(D) રાજ્ય સરકાર

(62) ખાસ કિસ્સામાં વધારાની લેટ ફી સાથે પરીક્ષાના આવેદનપત્ર સ્વીકારવાની મુદતમાં છૂટછાટ આપવાની સત્તા કોની હોય છે ?

(A) સચિવશ્રી
(B) પરીક્ષા સચિવશ્રી
(C) નાયબ અધ્યક્ષશ્રી
(D) અધ્યક્ષશ્રી

(63) રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓની કચેરીના તા. 20-7-2024 ના પત્ર અન્વયે ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફ્ટી મેઝર્સ રૂલ્સ, 2021 ના થર્ડ શીડ્યુલ તેમજ નેશલન બિલ્ડીંગ કોડના કયા ભાગની કલમ 1.2 b), 1) અને 2) શૈક્ષણિક હેતુસરના બિલ્ડીંગને ફાયર પ્રોટેકશનની જોગવાઈ લાગુ પડે છે ?

(A) ભાગ - 2
(B) ભાગ - 3
(C) ભાગ - 4
(D) ભાગ - 5

(64) શાળામાં ક્રમિક વર્ગ કે વધારાના વર્ગો શરૂ કરવાની રીતનો કયાં વિનિયમમાં ઉલ્લેખ થયેલ છે ?

(A) વિનિયમ - 2
(B) વિનિયમ - 8
(C) વિનિયમ - 10
(D) વિનિયમ - 37

(65) નવી શાળાની મંજૂરી સમયે 400 ચો.ફૂટના ઓછામાં ઓછા કેટલા વર્ગખંડો હોવા જોઈએ ?

(A) એક (B) બે (C) ત્રણ (D) ચાર

(66) રજીસ્ટ્રેશન વિના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ આપવા સામે પ્રતિબંધની બાબત ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ અધિનિયમની કંઈ કલમમાં છે ?

(A) કલમ - 29
(B) કલમ - 30
(C) કલમ - 31
(D) કલમ - 32

(67) "ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા શૈક્ષણિક સ્ટાફ ભરતી પસંદગી સમિતિ" તરીકે ઓળખાતી પસંદગી સમિતિના સભ્ય સચિવ તરીકે નીચેનામાંથી કોણ રહેશે ?

(A) શાળા કમિશ્નર, ગુજરાત રાજ્ય
(B) નાયબ સચિવ, શિક્ષણ વિભાગ
(C) સંયુક્ત શાળા નિયામક, ગુજરાત રાજ્ય
(D) સચિવ, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ

(68) શિક્ષક એપ્ટિટ્યુડ ટેસ્ટ (TAT) ની મુખ્ય પરીક્ષામાં ઓછામાં ઓછા કેટલા ગુણ મેળવનાર ઉમેદવાર શિક્ષકની જગ્યા માટે અરજી કરી શકશે ?

(A) 33 % (B) 35 % (C) 50 % (D) 60 %

(69) શાળા સંચાલક મંડળ દ્વારા શાળાના નામમાં ફેરફારની અરજીનો નિર્ણય નીચેનામાંથી કોણ કરશે ?

(A) અધ્યક્ષ
(B) નાયબ અધ્યક્ષ
(C) સચિવ
(D) કારોબારી સમિતિ

(70) કોઈ પણ ફાજલ કર્મચારીની માતૃ સંસ્થાના સબંધિત વિભાગ / વિષયની જગ્યા ઊભી થયેલી રીકોલ ન કરનાર શાળા સામે શું કાર્યવાહી કરવાની રહેશે ?

(A) નવી ભરતીની એન.ઓ.સી. આપી શકાશે નહિ
(B) નોંધણી રદ કરવાની કાર્યવાહી
(C) ગ્રાન્ટ કાપ કરવાની કાર્યવાહી
(D) A અને B મુજબની કાર્યવાહી

(71) શહેરી વિસ્તારમાં આવેલ બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળા ધોરણ 9 અને ધોરણ 10 નો એક-એક વર્ગ અને 75 વિદ્યાર્થી સંખ્યા ધરાવતી હોય તો તે શાળામાં કુલ કેટલા શિક્ષક મળવાપાત્ર થાય ?

(A) એક શિક્ષક
(B) બે શિક્ષક
(C) ત્રણ શિક્ષક
(D) ચાર શિક્ષક

(72) માધ્યમિક શાળાંત પરીક્ષા અને ઉ.મા. પ્રમાણપત્ર પરીક્ષામાં પ્રમાણપત્ર મેળવવા પાત્ર થયેલ ઉમેદવાર ઈચ્છતો હોય તો પરિણામની તારીખથી કેટલા દિવસમાં પોતાનું ગુણપત્રક/પ્રમાણપત્ર બૉર્ડમાં જમા કરાવી જે તે વર્ષની પછીની (તરતની) ફક્ત એક મુખ્ય પરીક્ષામાં બેસી શકશે ?

(A) 90 દિવસ
(B) 100 દિવસ
(C) 120 દિવસ
(D) 150 દિવસ

(73) ફાજલ કર્મચારીને ફાજલ જાહેર કર્યા બાદ કેટલા દિવસમાં અન્ય શાળામાં સમાવવાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે ?

(A) 90 દિવસ
(B) 120 દિવસ
(C) 150 દિવસ
(D) 180 દિવસ

(74) બિન સરકારી અનુદાનિત શાળાઓમાં શિક્ષક તરીકેના સમગ્ર સેવાકાળ દરમિયાન જૂના શિક્ષક તરીકે ભરતી/બદલીનો લાભ કેટલી વખત મળવાપાત્ર થશે ?

(A) એક
(B) બે
(C) ત્રણ
(D) કોઈ મર્યાદા નથી

(75) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ 1972 અન્વયે માધ્યમિક શાળાના 'સંરક્ષિત શિક્ષક' એટલે......

(A) ફાજલ જાહેર કરેલ શિક્ષક
(B) જેના પગાર અને પગાર ધોરણના હકો રાજ્ય સરકારના હુકમથી રક્ષણ આપવામાં આવ્યું હોય તેવા શિક્ષક
(C) નોકરીમાંથી છૂટા કરવાના થતા શિક્ષક
(D) કરાર આધારિત શિક્ષક

(76) સંસ્થાને ફાળવેલ ફાજલ શિક્ષક / કર્મચારીને સંસ્થા દ્વારા હાજર ન કરવામાં આવે તેવા કિસ્સાઓમાં ગ્રાન્ટ-ઈન-એઈડ કોર્ડ 1964 ની જોગવાઈ મુજબ સંસ્થાને પગાર ભથ્થા સહિત મતી તમામ ગ્રાન્ટમાં કેટલા વર્ષ માટે કાપ આપવાનો રહેશે ?

(A) 1 વર્ષ (B) 2 વર્ષ (C) 3 વર્ષ (D) 5 વર્ષ

(77) બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક કર્મચારીઓની આચાર સંહિતા કયાં વિનિયમમાં સમાવિષ્ટ છે ?

(A) વિનિયમ - 20 (B) વિનિયમ - 18

(C) વિનિયમ - 27 (D) વિનિયમ - 27 (અ)

(78) શહેરી વિસ્તારમાં શાળા શરૂ કરવા માંગતા ટ્રસ્ટ / મંડળે મકાનનો વિસ્તાર, પાર્કિંગ માટે છોડવી પડતી જગ્યા અને રસ્તા તેમજ માર્જીનની જગ્યા બાદ કર્યા બાદ રમતગમતનું મેદાન લઘુતમ કેટલા ક્ષેત્રફળનું રાખવાનું રહેશે ?

(A) 800 ચો.મી. (B) 1200 ચો.મી.

(C) 1500 ચો.મી. (D) 2000 ચો.મી.

(79) ટીચર્સ એપ્ટિટ્યુડ ટેસ્ટ (TAT) માં સબંધિત ઉમેદવારે મેળવેલા ગુણ ક્યાં સુધી માન્ય રહેશે ?

(A) 1 વર્ષ

(B) 2 વર્ષ

(C) 5 વર્ષ

(D) આગામી ટીચર્સ એપ્ટિટ્યુડ ટેસ્ટ (TAT) ના પરિણામની જાહેરાત સુધી

(80) પસંદગી સમિતિ દ્વારા પસંદ કરાયેલ ઉમેદવારે નિમણૂકપત્ર મળ્યાની તારીખથી કેટલા દિવસમાં સબંધિત શાળામાં જોડાવાનું રહશે ?

(A) સાત દિવસ (B) દસ દિવસ (C) પંદર દિવસ (D) ત્રીસ દિવસ

(81) ફક્ત છોકરાઓ માટે રજીસ્ટર થયેલી શાળઆ છોકરીઓને દાખલ કરે ત્યારે સ્ટાફમાં શાળામાં કેટલી છોકરીઓ દીઠ એક સ્ત્રી શિક્ષકના પ્રમાણમાં સ્ત્રી શિક્ષિકાઓ રાખવી જોઈએ ?

(A) 25 વિદ્યાર્થિનીઓ (B) 35 વિદ્યાર્થિનીઓ

(C) 40 વિદ્યાર્થિનીઓ (D) 60 વિદ્યાર્થિનીઓ

(82) વિદ્યાર્થીએ ખરેખર શાળા છોડી દીધા પછી શાળા રેકર્ડમાંની નોંધમાં કોઈ ફેરફાર કરી શકાશે નહિ તેવું કયા વિનિયમમાં જણાવેલ છે ?

(A) વિનિયમ - 12 (ક) (1) (B) વિનિયમ - 12 (ક) (4)

(C) વિનિયમ - 12 (ક) (5) (D) વિનિયમ - 12 (ક) (6)

(83) નીચેનામાંથી કયા વિષયના શિક્ષકને વ્યવસાયિક લાયકાતની જરૂર રહેતી નથી ?

(A) ગુજરાતી (B) સંગીત

(C) યોગ સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ (D) સંસ્કૃત

(84) જો કોઈ પુરુષ કર્મચારીને બે બાળકો હયાત હોય તો તેને પત્નીની દેખરેખ માટે કટેલા દિવસની પિતૃત્વની રજા મંજૂર કરી શકાશે ?

(A) 10 દિવસ (B) 15 દિવસ

(C) 25 દિવસ (D) એક પણ નહિ

(85) ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ અધિનિયમ - 1972 ની કલમ - 3 (2) મુંજબ બૉર્ડની સભ્ય સંખ્યા કેટલી છે ?

(A) 60 સભ્યો (B) 24 સભ્યો

(C) 09 સભ્યો (D) 14 સભ્યો

(86) ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ અધિનિયમ - 1972 ના સભ્યોમાં 'વર્ગ-ક' હોદ્દાની રૂાએ સભ્યોની સંખ્યા કેટલી હોય છે ?

(A) 02 સભ્યો (B) 03 સભ્યો

(C) 08 સભ્યો (D) 09 સભ્યો

(87) સંચાલકે શાળા બંધ કરવા ધાર્યું હોય તે તારીખથી ઓછામાં ઓછા કેટલા મહિના અગાઉ બૉર્ડને લેખિત નોટિસ આપવી જરૂરી છે ?

(A) ત્રણ માસ (B) છ માસ (C) 45 દિવસ (D) 30 દિવસ

(88) ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ અધિનિયમ - 1972 ની કઈ કલમ હેઠળ બૉર્ડને ગુ.મા. અને ઉ.મા. શિક્ષણાર વિનિયમ - 1974 કરવાની સત્તા આપે છે ?

(A) કલમ - 43 (B) કલમ - 46

(C) કલમ - 53 (D) કલમ - 63

(89) અધિનિયમ - 1972 ની કઈ કલમ હેઠળ બૉર્ડ માધ્યમિક અને ઉચ્ચતર મા. શાળાઓનું રજીસ્ટર નિભાવે છે ?

(A) કલમ - 21 (1) (B) કલમ - 51 (1)

(C) કલમ - 31 (2) (D) કલમ - 38 (2)

(90) અધિનિયમ - 1972 ની કઈ કલમ હેઠળ શાળાને બૉર્ડનું રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર આપવામાં આવે છે ?

(A) 30 (09) (B) 30 (08)

(C) 31 (09) (D) 31 (8)

(91) અધિનિયમ - 1972 માં શાળાનો વહીવટ રાજ્યસરકાર હસ્તક લેવા બાબતની જોગવાઈ કયા પ્રકરણમાં કરવામાં આવી છે ?

(A) પ્રકરણ - 05 (B) પ્રકરણ - 06

(C) પ્રકરણ - 07 (D) પ્રકરણ - 08

(92) ગુ.મા. શિક્ષણ અધિનિયમ - 1972 માં કુલ કેટલી કલમ છે ?

(A) 59 (B) 58 (C) 49 (D) 48

(93) ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યૂનલ અધિનિયમ 2006 માં કુલ કેટલી કલમો છે ?

(A) 24 (B) 25

(C) 26 (D) 27

(94) ટ્રિબ્યૂનલ સભ્ય પોતાનું રાજીનામું કોને આપશે ?

(A) અધ્યક્ષને (B) ન્યાયાધીશને

(C) શિક્ષણ નિયામકને (D) રાજ્ય સરકારને

(95) ટ્રિબ્યૂનલના સભ્યના હોદ્દાની મુદત કેટલા વર્ષની હોય છે ?

(A) 5 વર્ષ (B) 3 વર્ષ

(C) 4 વર્ષ (D) 7 વર્ષ

(96) ટ્રિબ્યૂનલના સભ્યના હોદ્દાની મુદત અને સેવાની શરતો અંગેની જોગવાઈ કઈ કલમમાં છે ?

(A) કલમ - 3 (B) કલમ - 4

(C) કલમ - 5 (D) કલમ - 6

(97) ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યૂનલ અધિનિયમ - 2006 અન્વયે સાચો વિકલ્પ કયો છે ?

(A) સમગ્ર ગુજરાત રાજયને લાગુ પડે છે. (B) માત્ર ગ્રાન્ટેડ શાળાઓને લાગુ પડે છે.

(C) માત્ર ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓને લાગુ પડે છે. (D) માત્ર કૉલેજોને લાગુ પડે છે.

(98) ગુજરાત શૈક્ષણિક સેવા ટ્રિબ્યૂનલ અધિનિયમ - 2006 ની કલમ - 10 શું સૂચવે છે ?

(A) ટ્રિબ્યૂનલની કામગીરી - કાર્યરીતી (B) ટ્રિબ્યૂલનનું મુખ્ય મથક

(C) ટ્રિબ્યૂનલના સભ્યો રાજયસેવકો ગણાશે. (D) ટ્રિબ્યૂનલની હકુમત

(99) ગુજરાત શૈક્ષણિક સેવા ટ્રિબ્યૂનલ અધિનિયમ - 2006 ની કલમ - 15 શું સૂચવે છે ?

(A) શુદ્ધ બુદ્ધિથી લીધેલાં પગલાંને રક્ષણ (B) દરેક નિર્ણય આખરી ગણાશે.

(C) દ્રિવ્યૂનલની હકુમત (D) ટ્રિબ્યૂનલ સમક્ષની કાર્યવાહીઓ ન્યાયીક ગણાશે.

(100) ગુજરાત શૈક્ષણિક સેવા ટ્રિબ્યૂનલની રચના ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમની કઈ કલમ અંતર્ગત કરવામાં આવી ?

(A) કલમ - 38 (B) કલમ - 37

(C) કલમ - 39 (D) કલમ - 36

◆◆◆

# રફ કામ માટેનું પેઈજ

SEAL SEAL SEAL SEAL
PAPER-1

# રફ કામ માટેનું પેઈજ

પરીક્ષા પૂરી થયાબાદ **OMR** શીટ ખંડ નિરીક્ષકને પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલા લઈ પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.